# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


=====================================================================

## અખબારી યાદી તા. ૧૪-૧૧-૨૦૨૧

- **ભારતના પ્રથમ વડાપ્રધાન ભારત રત્ન પંડિત જવાહરલાલ નહેરુની જન્મ જયંતીએ બાલવાટીકા ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડા તથા આગેવાનશ્રીઓ અને કાર્યકર્તાઓ દ્વારા પુષ્પાંજલી કરવામાં આવી.**
- **ભારતના વિકાસનો પાયો નાખવાનું કોઈએ કામ કર્યું હોય તો તે પંડિત જવાહરલાલ નહેરુ છે: અમિત ચાવડા**
- **સમગ્ર રાજ્યમાં કોંગ્રેસ પક્ષ દ્વારા પ્રજાની જાગૃતિ સાથે સરકારનાં નિષ્ફળ શાસનને ઉજાગર કરવા "જન જાગરણ અભિયાન" નો પ્રારંભ**
- **ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા દ્વારા અમદાવાદથી ઘેર ઘેર જઈને સભ્ય નોંધણી ઝુંબેશની શરૂઆત.**

આજરોજ ભારતના પ્રથમ વડાપ્રધાન અને ભારતરત્ન પંડિત જવાહરલાલ નહેરુની જન્મ જયંતીએ બાલવાટીકા ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડા તથા આગેવાનશ્રીઓ અને કાર્યકર્તાઓ દ્વારા પુષ્પાંજલી કરવામાં આવી.

પ્રદેશ પ્રમુખશ્રી અમિત ચાવડાએ પુષ્પાંજલી કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, જેમણે ભારતના રાષ્ટ્ર નિર્માણનો પાયો નાખ્યો તેવા પંડિત જવાહરલાલ નહેરુની જન્મ જયંતી પ્રસંગે તેમને યાદ કરીએ છીએ. જે આઝાદ ભારત દેશ માટે એમ કહેવાતુ હતુ કે, કઈ રીતે આટલા બધા, જ્ઞાતિ - જાતિ, પ્રાંત, ધર્મથી વહેંચાયેલા દેશને એક અને અખંડિત રાખવામાં આવશે. જ્યાં ટાંકણી પણ નથી બનતી ત્યાં બે ટંક ખાવા માટેનું અનાજ ન હતુ, જ્યાં પહેરવા માટે કપડા ન હતા, જ્યાં ધંધા-રોજગાર ન હતા એ દેશ કેવી રીતે આગળ વધશે, એવુ જ્યારે આખુ વિશ્વ ચિંતા કરતુ હતુ ત્યારે દેશને પંડિત જવાહરલાલ નહેરુ જેવુ દેશને નેતૃત્વ મળ્યું. જે સુખી, સાધન, સંપન્ન પરિવારમાંથી આવતા હોવા છતાં ૧૦ વર્ષ માટે જેલમાં રહીને આઝાદીની લડાઈ લડ્યા. તેમના નેતૃત્વમાં દેશની પહેલી સરકાર બની અને પંચવર્ષીય યોજનાઓ દેશમાં હરીતક્રાંતિથી લઈને તમામ ઔદ્યોગિક વ્યવસ્થાઓ, તમામ ઈન્સ્ટીટ્યુટેશન્સ, તમામ એડમીનીટ્રેશન માટેની વ્યવસ્થાઓ, આઈ.આઈ.ટી., આઈ.આઈ.એમ., એમ્સ જેવી વ્યવસ્થાઓની શરૂઆત થઈ. તેમના વિચારો અને વિઝનના કારણે દેશ આજે ૨૧મી સદીમાં વિશ્વની મહાસત્તા સુધી પહોંચ્યો છે. સાચા અર્થમાં ભારતના વિકાસનો પાયો નાખવાનું કોઈએ કામ કર્યું હોય તો તે પંડિત જવાહરલાલ નહેરુ છે.

**કોંગ્રેસ પક્ષ દ્વારા પ્રજાની જાગૃતિ સાથે સરકારનાં નિષ્ફળ શાસનને ઉજાગર કરવા "જન જાગરણ અભિયાન" નો પ્રારંભ**

પેટ્રોલ - ડીઝલ - ગેસ - ખાદ્યતેલ જેવી જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ વધારા, મોંઘવારી, બેરોજગારી અને કોરોના મહામારીમાં પ્રજાજનોને પડેલ તકલીફના વિરોધમાં તથા મોદી સરકારના જુઠ્ઠા વાયદા, કુશાસન અને અહંકારની સામે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડા દ્વારા આજરોજ તા. ૧૪મી નવેમ્બર, ૨૦૨૧ના 'જન જાગરણ અભિયાન''નો શુભારંભ કરવામાં આવેલ છે. અભિયાન અંતર્ગત અમદાવાદના ખોખરા વિસ્તારમાં શ્રી અમિત ચાવડા તથા આગેવાનશ્રીઓ અને કાર્યકર્તાઓએ નાગરિકોના ઘરે ઘરે જઈ, વેપાર - રોજગારના સ્થળો ઉપર વેપારીઓ સાથે મળીને પત્રિકાઓ અને સંવાદનાં માધ્યમથી પ્રજાકીય પ્રશ્નોની જાગૃતિ માટે અને સરકારનાં નિષ્ફળ શાસનને ઉજાગર કરવા માટે આ અભિયાનનો પ્રારંભ કર્યો હતો. સમગ્ર ''જન જાગરણ અભિયાન'' અંતર્ગત તા. ૧૪મી નવેમ્બર,

૨૦૨૧ના રોજથી ૨૯ નવેમ્બર સુધી રાજ્યનાં 33 જીલ્લા અને ૮ મહાનગરોમાં ઘરે ઘરે જઈ પત્રિકાઓ-સંવાદનાં માધ્યમથી પ્રજાકીય પ્રશ્નોની જાગૃતિની સાથે સાથે સરકારનાં નિષ્ફળ શાસનને ઉજાગર કરવામાં આવશે. "જન જાગરણ અભિયાન"માં રાજસ્થાનનાં આરોગ્ય મંત્રીશ્રી અને ગુજરાત કોંગ્રેસનાં સંગઠન પ્રભારીશ્રી રઘુ શર્માજી સહિત પ્રદેશનાં તમામ વરિષ્ઠ આગેવાનો, હોદ્દેદારો અને ફ્રન્ટલનાં વડાશ્રીઓ સ્થાનિક પ્રજાજનો - યુવાનો, મહિલાઓને સાથે રાખીને મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર અને અણઘડ વહીવટને ઉજાગર કરવા ભાજપના સાંસદ સભ્યો, ધારાસભ્યશ્રીઓ, મંત્રી મંડળના સભ્યોનાં ઘરે જઈ લોકોની માંગણી-લાગણીને રજુ કરવામાં આવશે. ગુજરાતનાં પ૨૦૦૦ કરતા વધુ બુથ ઉપર સંપર્ક કરવામાં આવશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગેસ, ખાદ્ય અને જીવન જરૂરીયાત ચીજવસ્તુઓના સતત ભાવ વધારાથી સામાન્ય - મધ્યમવર્ગના પરિવારોને જીવન જીવવાનુ મુશ્કેલ બની ગયું છે. મંદી, મોંઘવારી, અને મહામારીમાં પરેશાન જનતા ભાજપ સરકારની છેતરપીંડીનો ભોગ બની રહી છે. ‘‘અચ્છે દિન, બહોત હુઈ મહેંગાઈ કી માર’’ જેવા રૂપાળા સુત્રો દ્વારા ભ્રામકતા ઉભી કરીને સત્તા મેળવનાર ભાજપ સરકારે દેશની જનતા સાથે છેતરપીંડી કરી છે. દેશના જીડીપી વધારવાનો વાયદો કરનાર ભાજપ સરકારમાં જીડીપીમાં સતત ઘટાડો અને ગેસ (G), ડીઝલ (D), પેટ્રોલ (P) સતત ભાવ વધારાથી પ્રજા પરેશાન છે. પેટ્રોલ પર ૨૫૦ ટકા અને ડીઝલ ઉપર ૮૨૪ ટકા એક્સાઈઝ ડ્યુટીની ઉઘાડી લુંટ અને ઉદ્યોગપતિઓનો કોર્પોરેટ વેરો 30 ટકાથી ઘટાડીને ૨૨ ટકા કરી આપ્યો જેથી સરકારની મહેસુલ આવકમાં ૧.૪૫ લાખ કરોડનો ઘટાડો થયો. એક તરફ પોતાના મળતિયા - ઉદ્યોગપતિઓને કરોડો રૂપિયાની રાહત અને બીજી બાજુ દેશની સામાન્ય - મધ્યમવર્ગના ખિસ્સામાંથી ૨૫ લાખ કરોડની ‘‘સિસ્ટમ લૂટ’’ આ છે ભાજપાની કરણી, કથની અને સુશાસનની વ્યાખ્યા. પેટ્રોલ - ડીઝલના અંતરરાષ્ટ્રીય ભાવ તળીયે હોવા છતાં ભારતમાં પેટ્રોલ - ડીઝલના ભાવ વધારાના પગલે ટ્રાન્સપોર્ટ, ખાદ્ય પદાર્થો અને જીવન જરૂરીયાત ચીજવસ્તુઓના અસહ્ય ભાવ વધારાથી સામાન્ય પ્રજા બેહાલ બની છે. ભારતમાં ૨૦ કરોડ લોકોને પુરતુ અન્ન મળતું નથી.  બેરોજગારી દર ૪૫ વર્ષમાં સૌથી ઉંચો છે. કુપોષણમાં સમગ્ર દેશમાં ગુજરાત ત્રીજા ક્રમાંક ઉપર છે. ગુજરાતમાં ૩.૨૪ લાખ બાળકો કુપોષિત છે. ગુજરાત અને દેશનું આર્થિક ચિત્ર ચિંતાજનક છે. આ તમામ મુદ્દાઓ પ્રજા સમક્ષ લઈ જવા માટે આજથી જન જાગરણ અભિયાન દ્વારા સમગ્ર રાજ્યમાં કોંગ્રેસ પક્ષ લોકસંપર્ક કરીને પ્રજા સાથે સંવાદ કરશે.

**ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા દ્વારા અમદાવાદથી ઘેર ઘેર જઈને સભ્ય નોંધણી ઝુંબેશ અંતર્ગત સભ્યપદ નોંધણીની શરૂઆત.**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડા દ્વારા આજરોજ અમદાવાદના ખોખરા વિસ્તારમાં નાગરિકોના ઘેર-ઘેર જઈને કોંગ્રેસ પક્ષની વિચારધારાનો પ્રચાર - પ્રસાર કરીને નાગરિકોને કોંગ્રેસ પક્ષના અધિકૃત સભ્યપદ નોંધણીના ફોર્મ જાતે ભરાવ્યા હતા. કોંગ્રેસ કાર્યકર્તાઓ અને ખાસ કરીને યુવા અને મહિલાઓ દ્વારા આ નોંધણી ઝુંબેશને અભૂતપૂર્વ પ્રતિસાદ અને ઉત્સાહ દાખવવામાં આવ્યો હતો.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, સભ્ય નોંધણી ઝુંબેશમાં ગુજરાતમાં પ૨૦૦૦ કરતા વધુ બુથોમાં વધુમાં વધુ સામાન્ય લોકોને કોંગ્રેસ પક્ષની વિચારધારા સાથે જોડવા માટે વિવિધ કાર્યક્રમો ઘડીને સભ્ય નોંધણી ઝુંબેશને સફળ બનાવવા માટે લક્ષ્ય સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કાર્યક્રમોમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડા, રાજ્ય સભાના સાંસદ ડૉ. અમીબેન યાજ્ઞિક, અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના કા.પ્રમુખશ્રી ચેતન રાવલ, ગુજરાત કોંગ્રેસના ઓ.બી.સી. સેલના ચેરમેનશ્રી ધનશ્યામ ગઢવી તથા શહેર કોંગ્રેસ આગેવાનશ્રીઓ, કાર્યકર્તાઓ અને નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

હેમાંગ રાવલ
મિડિયા કોર્ડીનેટર
મો. ૯૮૯૮૨૩૩૦૩૮

**નોંધ : કાર્યક્રમના ફોટોગ્રાફ્સ આપશ્રીને ઈ-મેઈલ કરેલ છે.**